
# ૬ ઉંદરનો ડર

X6E6Q8

● સાંભળો અને ગાઓ.



એક હતો વડલો સુંદર,
એની નીચે નાનું દર.
દરમાં રહે નાનો... (પોપટ, ઉંદર, કાબર)
ઉંદર રોજ ફરવા જાય,
ફરતાં ગંધ લેતો જાય.
વેફર, સેવ, રોટી-ટુકડો
જે મળે તે... ... (ફેંકતો જાય, ચાખતો જાય, ખાતો જાય)
આળસ મરડીને સવારે,
ઉંદર આવ્યો દરને દ્વારે.
અરે ! આ તો બિલ્લીની વાસ !
ચોક્કસ હશે... (આસપાસ, નાસભાગ, દોડાદોડ)

હવે શું કરવું વિચારે ઉંદર,
મનમાં લાગે એને... (વિચાર, ડર, ખબર)
ઉંદરના પેટમાં બોલે ઉંદર,
પણ ભરાઈ રહે દરની અંદર.
દરની બહાર ન જવાય,
ભૂખ્યા પેટે કેમ... (કહેવાય, બોલાય, રહેવાય)

આપો કોઈ એવો મંતર.
બિલ્લી થાય છૂમંતર !

## • વાતચીત :

૧. તમે ઉંદરનું દર જોયું છે ?
૨. ઉંદર શું શું કાપે ?
૩. ઉંદર કેમ ગભરાયો હશે ?
૪. ઉંદરના દરમાં શું શું ખાવા મળતું હશે ?
૫. ઉંદર દરની અંદર કેમ ભરાયો હશે ?
૬. તમારા ઘરમાં ઉંદર હોય તો તમે શું કરો ?
૭. તમને ઉંદર ગમે કે બિલાડી ? કેમ ?

## ૧. નીચે આપેલાં વાક્યો અભિનય સાથે બોલો.

૧. ઉંદર જેમ ત્રણ વખત કૂદો.
૨. ઉંદર જેવો ચૂં ચૂં અવાજ કરો.
૩. દફ્તરમાંથી લંચબૉક્સ કાઢો.
૪. ખાવાનો અભિનય કરો.
૫. આળસ મરડો.


## ૨. ગીતને આધારે ખૂટતા શબ્દ બોલો.

૧. એક હતો વડલો .....
૨. દરમાં રહે નાનો .....
૩. આપો કંઈ એવો .....
૪. બિલ્લી થઈ જાય .....
૫. મનમાં લાગે એનો .....

## ૩. ગીતને આધારે સાચા શબ્દ નીચે ✓ કરો.

૧. ઉંદર જે મળે તે... (ફેંકતો જાય, ચાખતો જાય, ખાતો જાય)
૨. બિલ્લી હશે... (આસપાસ, નાસભાગ, દોડાદોડ)
૩. મનમાં લાગે એને... (ખબર, ડર, વિચાર)
૪. ભૂખ્યા પેટે કેમ... (કહેવાય, રહેવાય, બોલાય)
૫. આપો કોઈ એવો... (અંતર, જંતર, મંતર)

૪. ટપકાં જોડો અને ચિત્ર પૂર્ણ કરો અને રંગ પૂરો.



# ઉંદરનો ડર

એક સરસ મજાનો બગીચો હતો. બગીચામાં અનેક ઝાડ હતાં. જાતજાતનાં ફૂલ હતાં. બગીચામાં ત્રણ લપસણી હતી. બગીચામાં ચાર હીંચકા હતા. દોડવા માટે લીલું લીલું ઘાસ હતું. બગીચામાં આઠેક બાંકડા હતા. લોકો એના પર બેસે. નાસ્તો લાવી ઉજાણી કરે.

બગીચામાં એક મોટો વડલો હતો. એના પર પંખી આવીને બેસે. વાંદરાં કૂદાકૂદ કરે. એ વડલા નીચે એક દર હતું. એ દરમાં એક ઉંદર રહેતો હતો. સવાર પડે એટલે એ ધીરેથી દરમાંથી બહાર નીકળે. આમતેમ જોતો જોતો, સૂંઘતો સૂંઘતો બાંકડાઓ ફરતે ફરે. ખાવાનું મળે એટલે મોંમાં લઈ દરમાં મૂકી આવે. એને જાતજાતની વસ્તુઓ મળતી. વેફર, સિંગદાણા, પૂરીના ટુકડા, બુંદી ને ગાંઠિયા. પછી નિરાંતે દરમાં બેસી જમણ કરે.

એક દિવસે સવારે એ દરમાંથી બહાર નીકળવા જતો હતો. એને અચાનક જુદી જ વાસ આવી. આ વાસ તીખીપૂરીની તો ન હતી. આ વાસ વેફરની તો ન હતી. હં ! આ વાસ તો બિલ્લીમાસીની છે. એ ચોક્કસ આસપાસ બેઠી છે. એ ટાંપીને બેઠી હશે. હું ક્યારે બહાર નીકળું અને ક્યારે મને ખાઈ જાય. બાપ રે !

ઉંદર વિચારવા લાગ્યો. હવે શું કરવું ? ધીરે ધીરે દરમાં રાખેલ બધી વસ્તુઓ તો ખલાસ થઈ ગઈ. બહાર નીકળું તો મર્યા સમજો. દરમાં બેસું તો ભૂખ સતાવે છે. ઘણો સમય વીતી ગયો. એણે સહેજ બહાર નજર કરી તો બિલ્લીમાસી તો ત્યાં જ હતાં. વડલાની પાછળ લપાઈને એની રાહ જોતાં હતાં.



શું કરવું ? એને એક વાર તો એવો વિચાર આવ્યો કે, બહાર જઉં અને પાછળથી એ બિલ્લીની પૂંછ કરડી નાખું. પણ પછી લાગ્યું કે, એમાં બહુ જોખમ છે. ખોટી બહાદુરી બતાવવા ન જવાય. એની માએ કહ્યું હતું કે બિલ્લીથી હંમેશા ચેતવું. પણ કરવું શું ?

હાથ જોડી ભગવાનનું સ્મરણ કર્યું. હે ભગવાન ! મને આજે બચાવો. મને એવી કોઈ યુક્તિ બતાવો કે આ બિલ્લીને હું ભગાડી શકું. આ તરફ મંદિરમાં રહેતાં ઉંદરનાં મા-બાપને ચિંતા થઈ. ચાર દિવસથી આ ભઈલો બહાર ગયો છે. પાછો આવ્યો નથી. ક્યાંક ફસાયો છે ? અને બિલાડી ખાઈ ગઈ હશે ? માને અને બધાંને ચિંતા થઈ. બિચારો ભૂખ્યો હશે. એમ વિચારી એને માટે મંદિરના પેંડાનો પ્રસાદ લીધો.

શોધતાં શોધતાં બગીચે આવ્યાં. બગીચાના દર પાસે બિલાડી જોઈ. દરમાં ઉંદર હશે એમ લાગ્યું. એના મોટા ભાઈએ પેંડાનો પ્રસાદ વેર્યો. ભૂખી બિલાડીને ગંધ આવી. એણે વિચાર્યું, ''ઉંદર નહિ તો કાંઈ નહિ. બિલાડી પેંડો ખાવા ગઈ. ઉંદરોએ ચૂં ચૂં કરીને પેલાને બોલાવ્યો. એ ભાઈઓને જોઈ એ તરફ ગયો પછી એને લઈ બધાં ભાગીને મંદિરે પહોંચ્યા''. ઉંદર કહે, ''આજે માંડ બચ્યો ભગવાન !''

- **વાતચીત :**

૧. તમે બગીચો જોયો છે ? ક્યાં ?
૨. બગીચામાં શું શું હોય ?
૩. તમને બગીચામાં શું કરવું ગમે ?
૪. બગીચામાં રમવા માટે શું શું હોય ?

## ૫. વાક્ય સાંભળો અને સાચો જવાબ કહો. (વાર્તાને આધારે)


૧. પંખીઓ આવીને એના પર બેસે. .....
૨. જાતજાતનાં ફૂલ અને વૃક્ષો હતાં. .....
૩. એ દરમાં છુપાઈને રહેતો. .....
૪. એ ટાંપીને જ બેઠી હશે. .....
૫. લોકો એના પર બેસીને નાસ્તો કરતા. .....
૬. બાળકો એના ઉપર લપસતાં. .....


## ૬. કૌંસમાંથી શબ્દ જોઈને ખાલી જગ્યા પૂરો.


(હંસ, ઝાંઝર, હરણ, ઉંદર, ઘુવડ)


૧. પાયલ પગમાં ..... પહેરે છે.
૨. ..... હવામાં ઊડે છે.
૩. દરમાં એક ..... રહેતો હતો.
૪. ઘર ઉપર ..... બેઠું હતું.
૫. ઝાડીમાંથી ..... કૂદ્યું.


૭. ઘૂંટો અને લખો.




૮. લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ગ | ગા | ગે | ગિ | ગી | ગૈ | ગુ | ગૂ |
| | | | | | | | |
| મ | મા | મે | મિ | મી | મૈ | મુ | મૂ |
| | | | | | | | |
| ન | ના | ને | નિ | ની | નૈ | નુ | નૂ |
| | | | | | | | |
| જ | જા | જે | જિ | જી | જૈ | જુ | જૂ |
| | | | | | | | |
| વ | વા | વે | વિ | વી | વૈ | વુ | વૂ |
| | | | | | | | |
| ર | રા | રે | રિ | રી | રૈ | રુ | રૂ |
| | | | | | | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| સ | સા | સે | સિ | સી | સૈ | સુ | સૂ |
| | | | | | | | |
| દ | દા | દે | દિ | દી | દૈ | દુ | દૂ |
| | | | | | | | |
| ક | કા | કે | કિ | કી | કૈ | કુ | કૂ |
| | | | | | | | |
| બ | બા | બે | બિ | બી | બૈ | બુ | બૂ |
| | | | | | | | |
| અ | આ | એ | બિ | બી | બૈ | બુ | બૂ |
| | | | | | | | |
| છ | છા | છે | છિ | છી | છૈ | છુ | છૂ |
| | | | | | | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| પ | પા | પે | પિ | પી | પૈ | પુ | પૂ |
| ડ | ડા | ડે | ડિ | ડી | ડૈ | ડુ | ડૂ |
| ત | તા | તે | તિ | તી | તૈ | તુ | તૂ |
| ણ | ણા | ણે | ણિ | ણી | ણૈ | ણુ | ણૂ |
| ઈ | ઈ | ઈ | ઈ | ઈ | ઈ | ઈ | ઈ |
| ઈ | ઈ | ઈ | ઈ | ઈ | ઈ | ઈ | ઈ |

૮૫ ‘ઝ’ શોધી / કરો. ઝ હ ઘ ળ ઉ ઊ હ ઘ ળ ઉ ઊ ઘ ળ ઝ હ ઉ ઊ ળ ઉ ઊ (પંચાસી)


| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લ | લા | લે | લિ | લી | લૈ | લુ | લૂ |
| | | | | | | | |
| ટ | ટા | ટે | ટિ | ટી | ટૈ | ટુ | ટૂ |
| | | | | | | | |
| ચ | ચા | ચે | ચિ | ચી | ચૈ | ચુ | ચૂ |
| | | | | | | | |
| ખ | ખા | ખે | ખિ | ખી | ખૈ | ખુ | ખૂ |
| | | | | | | | |
| ઝ | ઝા | ઝે | ઝિ | ઝી | ઝૈ | ઝુ | ઝૂ |
| | | | | | | | |
| હ | હા | હે | હિ | હી | હૈ | હુ | હૂ |
| | | | | | | | |

૮૬ ‘હ’ શોધી / કરો. હ ઝ ઘ ળ ઉ ઊ ઘ ળ હ ઉ ઘ ળ ઊ ઝ ઉ ઊ હ ળ ઉ ઊ (છ્યાસી)

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ઘ | ઘા | ઘે | ઘિ | ઘી | ઘૈ | ઘુ | ઘૂ |
| | | | | | | | |
| ળ | ળા | ળે | ળિ | ળી | ળૈ | ળુ | ળૂ |
| | | | | | | | |

૯. ચિત્રને શબ્દ સાથે જોડો.





ટામેટું


ઘુવડ

ઝૂંપડી

હૂક

તાળું

ઊન












૧૦. ચિત્રને શબ્દ સાથે જોડો.




ઊન
ઝરણું
હરણ



ઝભલું
ધજા
ઘર





ઘડિયાળ
હરણ
ધજા





ઝાડ
ઝરણું
હરણ


૧૧. ઉદાહરણ મુજબ મૂળાક્ષર જોડો.





૮૯ ‘ઉ’ શોધી / કરો. ળ ઉ ઊ હ ઘ ળ ઝ ઉ ઊ હ ળ ઉ ઘ ઊ ઉ ઝ ળ ઊ ળ (નેવ્યાસી)

## ૧૨. ‘ઝ’, ‘હ’, ‘ઘ’, ‘ળ’ પર ◯ કરો અને લખો.

| ઉદાહરણ | ઝરણું | ઝ | વાહન | હ | કેળું | ળું | ઘડો | ઘ |
|---|---|---|---|---|---|---|---|---|
| | ઝાલર | | વહાણ | | તાળું | | ઘાસ | |
| | ઝૂમખું | | હાથી | | ગળું | | ઘુવડ | |
| | ઝૂંપડી | | હથેળી | | વાદળું | | મરઘું | |
| | ઝાડવું | | હીંચકો | | બળદ | | ઘેટું | |
| | ઝાકળ | | સાહુડી | | થાળી | | ઘોડો | |

## ૧૩. ઉદાહરણ મુજબ જોડો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ઝ | હ | ઘ | ળ | ઉ | ઊ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| હરણ | ઘર | ઝબૂક | ઉજાસ | નળ | ઊન |

૯૦ ‘ઊ’ શોધી / કરો. ળ ઉ હ ઊ ઘ ળ ઝ ઉ ઘ ળ ઊ ઉ હ ઊ ઝ ઉ ળ ઊ ળ (નેવુ)

## ૧૪. શબ્દોનું અનુલેખન કરો.

| | | | |
|---|---|---|---|
| ઝાડ | | | |
| નજમા | | | |
| કુમાર | | | |
| સૂરજ | | | |
| પૂજા | | | |
| સુરત | | | |
| ઊણપ | | | |
| ઉના | | | |
| ઝાકળ | | | |





૧૫. શબ્દોનું અનુલેખન કરો.


| | | | |
|---|---|---|---|
| ઝરણું | | | |
| ઘોડિયું | | | |
| હુકમ | | | |
| તાળું | | | |
| ઉતરડ | | | |
| ઊન | | | |
| ખીચડી | | | |
| આજુબાજુ | | | |
| ઈલાજ | | | |
| અરુણા | | | |

૧૬. જુઓ અને લખો.




હરણ













ધૂ

(ત્રાણુ)

૧૭. ઉદાહરણ કોષ્ટકમાંથી શબ્દ શોધો અને લખો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| દ | ક | કી | અ | ના | વ | ટ | બ | જા | ન |
| વા | ન | ર | ઝૈ | ગ | રૂ | ડ | રા | ગી | તા |
| દા | ક | બ | અ | વા | ગ | ર | રા | ર | ત |
| ર | મ | ત | ઝુ | લ | વ | વૈ | મ | ના | ર |
| પ | ગ | તિ | લા | ક | ડી | મુ | છ | ર | ણ |
| વ | ન | સ | સ | લું | ખ | ના | ચૈ | અ | ખો |
| ર | દૈ | દુ | જૈ | કૂ | ક | બૂ | ત | ર | ટી |
| સા | નિ | વિ | ન | સૈ | પ | ટ | ર | છ | ખ |
| દ | ક | કા | નૂ | નૈ | ના | ર | દ | સા | ળ |
| ન | મૈ | સ | ર | ક | ઘો | ડિ | યું | બુ | ત |

વાનર

## ૧૮. વાંચો.

જાય છે, ડરે છે, તરસ લાગી, ખાટી છાશ, તીખી દાળ, લાલ ટમેટું, ઊડે છે. ઊતરે છે. છાશ પી. દાડમ ખા. દવા પી. જલદી આવ. વાંચે છે. નાચે છે. રમે છે. જતી હતી. વિમાન ઊડે, પંખી ઊડે. ચકલી ઊડે. કાબર ઊડે. સાપ ઊડે.

## ૧૯. અનુલેખન.

વડલો સુંદર છે.

ઉંદર નાનો છે.

ઉંદર વેફર ખાતો હતો.

બિલ્લી ઉંદરને જોઈ ગઈ.

ઉંદર બહુ ડરે છે.

ઉંદર બિલ્લીને જોઈ ભાગી ગયો.

## ૨૦. વાંચો

ઝાડ.

આ ઝાડ છે.

આ વડનું ઝાડ છે.

વરસાદ

વરસાદ પડે છે.

વરસાદ ઝરમર પડે છે.

છાપું.

આ છાપું છે.

છાપું દાદા વાંચે છે.

ચકલી.

આ ચકલી છે.

ચકલી ચીંચીં કરે છે.